

# કૃષિ ઉત્પાદન અને બજાર દર્શન

કૃષિ ઉદય...

અંક : ૨ ખંડ : ૬ જૂન ૨૦૧૬

અધ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા


વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## ૨૦૧૬-૧૭ ની સીઝનમાં ખરીફ પાકના લઘુત્તમ ટેકાના ભાવ(MSP) ની જાહેરાત..

સરકારે ૨૦૧૬-૧૭ની સિઝનના તમામ ખરીફ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં(MSP) વધારો કરવા અંગેની મંજૂરી આપી દીધી છે. સરકારે ૨૦૧૬-૧૭ ની ખરીફ સિઝન માટે ડાંગરની સામાન્ય જાત માટે રૂ.૧૪૭૦ પ્રતિ ક્વિન્ટલ લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કર્યો છે જ્યારે એ ગ્રેડની ડાંગર રૂ.૧૫૧૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવેલ છે. આ ભાવોનો નિર્ણય આર્થિક બાબતોની કેબિનેટ કમિટીની (સીસીઈએ) બેઠકમાં લેવામાં આવ્યો હતો. કપાસના કિસ્સામાં, સીસીઇએ ૨૦૧૬-૧૭ માટે મધ્યમ તારના કપાસની એમએસપીમાં રૂ.૬૦ પ્રતિ ક્વિન્ટલ વધારીને રૂ. ૩૮૬૦ પ્રતિ ક્વિન્ટલ કરેલ છે અને લાંબા તારના કપાસના ભાવ રૂ.૪૧૬૦ પ્રતિ ક્વિન્ટલ મંજૂર કર્યા છે.




સરકારે કઠોળની MSPમાં નોંધપાત્ર વધારો કરીને ૨૦૧૬-૧૭ ની ખરીફ સિઝન માટે સ્થાનિક ઉત્પાદન વધારવા અને આયાતી કઠોળનો આધાર ઘટાડવા માટેનો નિર્ણય કર્યો

છે. ખરીફ કઠોળ જેવા કે તુવેર, મગ અને અડદની ગત વર્ષની એમએસપીમાં રૂ.૪૨૫ પ્રતિ ક્વિન્ટલ જેટલો ખૂબ જ મોટો વધારો કરી ખેડૂતોના પ્રોત્સાહનને વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તલના ભાવમાં રૂ.૨૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ આપી અને અન્ય ખરીફ તેલીબિયાં જેવા કે મગફળી, સૂર્યમુખી, સોયાબીન અને અળશીની કિંમત પર પણ રૂ.૧૦૦ પ્રતિ ક્વિન્ટલ બોનસની જાહેરાત કરી છે. દેશમાં કઠોળ તેમજ તેલીબિયાંની સ્થાનિક માંગ અને પુરવઠાની વચ્ચે વધતો જતો તફાવત અને આયાતી કઠોળ પર ભાર વધતો જાય છે. તેથી સરકારે કઠોળ અને તેલીબિયાંની ખરીદી પર આ બોનસ જાહેરાત કરી ખેડૂતોને વાવેતર વધારવા અને આ પાકોની ઉત્પાદકતામાં વધારો કરવા અને તેમાં રોકાણ વધારવા માટે એક મજબૂત ભાવનો સંકેત આપેલ છે. કઠોળ અને તેલીબિયાંના વિસ્તારમાં વધારો થવાથી પણ અધિક પર્યાવરણીય લાભ સમાજને થશે કારણ કે આ પાકો ઓછું પાણી વપરાશ કરવા સાથે જમીનમાં નાઈટ્રોજન છોડવામાં મદદ કરે છે. વર્ષ ૨૦૧૬-૧૭ ની ઋતુમાં તમામ ખરીફ પાક માટે અને બોનસની વિગતો નીચેના કોષ્ટકમાં આપેલ છે.


## કોષ્ટકઃ વર્ષ ૨૦૧૬–૧૭ ના ખરીફ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવો

| પાકો | જાત | ૨૦૧૫-૧૬ ના લઘુત્તમ ટેકાના ભાવ (રૂ./ક્વિ.) | ૨૦૧૬-૧૭ ના લઘુત્તમ ટેકાના ભાવ (રૂ./ક્વિ.) | તફાવત | | બોનસ |
|---|---|---|---|---|---|---|
| | | | | સીધો વધારો (રૂ./ક્વિ.) | ટકાવારી વધારો (રૂ./ક્વિ.) | |
| ડાંગર | સામાન્ય | ૧૪૦ | ૧૪૭૦ | ૬૦ | ૪.૩ | - |
| | ગ્રેડ એ | ૧૪૫૦ | ૧૫૧૦ | ૬૦ | ૪.૧ | - |
| જુવાર | હાઈબ્રીડ | ૧૫૭૦ | ૧૬૨૫ | ૫૫ | ૩.૫ | - |
| | માલડંડી | ૧૫૯૦ | ૧૬૫૦ | ૬૦ | ૩.૮ | - |
| બાજરા | - | ૧૨૭૫ | ૧૩૩૦ | ૫૫ | ૪.૩ | - |
| મકાઈ | - | ૧૩૨૫ | ૧૩૬૫ | ૪૦ | ૩.૦ | - |
| રાગી | - | ૧૬૫૦ | ૧૭૨૫ | ૭૫ | ૪.૫ | - |
| તુવેર | - | ૪૬૨૫ | ૫૦૫૦ | ૪૨૫ | ૯.૨ | ૪૨૫ |
| મગ | - | ૪૮૫૦ | ૫૨૨૫ | ૩૭૫ | ૭.૭ | ૪૨૫ |
| અડદ | - | ૪૬૨૫ | ૫૦૦૦ | ૩૭૫ | ૮.૧ | ૪૨૫ |
| મગફળી | - | ૪૦૩૦ | ૪૨૨૦ | ૧૯૦ | ૪.૭ | ૧૦૦ |
| સોયાબિન* | પીળા | ૨૬૦૦ | ૨૭૭૫ | ૧૭૫ | ૬.૭ | ૧૦૦ |
| સૂર્યમુખી | - | ૩૮૦૦ | ૩૯૫૦ | ૧૫૦ | ૩.૯ | ૧૦૦ |
| અળશી | - | ૩૬૫૦ | ૩૮૨૫ | ૧૭૫ | ૪.૮ | ૧૦૦ |
| તલ | - | ૪૭૦૦ | ૫૦૦૦ | ૩૦૦ | ૬.૪ | ૨૦૦ |
| કપાસ | મધ્યમ તાર | ૩૮૦૦ | ૩૮૬૦ | ૬૦ | ૧.૬ | - |
| | લાંબા તાર | ૪૧૦૦ | ૪૧૬૦ | ૬૦ | ૧.૫ | - |

નોંધ: *સોયાબીનમાં કાળી અને પીળી જાતો માટે એક જ MSPની ભલામણ છે.

તા.૦૧-૦૧-૨૦૧૬ થી MSPની ભલામણ અમલમાં રહેશે.

## ૧૮ મોટા દૂધ ઉત્પાદક રાજ્યોમાં એનડીપી–૧ અમલમાં આવી રહી છે.................




રેશન સંતુલિત કાર્યક્રમ, ઘાસચારા વિકાસ અને ગામ આધારિત દૂધ પ્રાપ્તિ પદ્ધતિ એનડીપી-૧ અંતર્ગત તેના અમલીકરણ માટે સંભવિત ક્ષેત્રો માટે વિચારણા હેઠળ છે. તદ્દનુસાર, એનડીપી-૧ દેશના ૧૮ દૂધ ઉત્પાદનના મુખ્ય રાજ્યો જેમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગણા (આંધ્રપ્રદેશના વિભાજન પછી) ઓરિસ્સા, ઝારખંડ, છત્તીસગઢ, ઉત્તરાખંડ અને કેરળ જે રાજ્યો આપણા દેશમાં દૂધના કુલ ઉત્પાદનમાં તેમનો કુલ હિસ્સો ૯૦ ટકા જેટલો છે ત્યાં અમલમાં આવી રહી છે,

એનડીપી-૧ ના મુખ્ય પાસાઓ નીચે આપવામાં આવે છે.

## એનડીપી-૧ ના ચાવીરૂપ પાસાંઓ

ગાય અને ભેંસ માટે ઊંચી આનુવંશિક (HGM) જાતના ઉત્પાદ્ન

- ૨૫૦૦ ઊંચી આનુવંશિક જાતના આખલાઓનું ઉત્પાદ્ન
- ૪૦૦ વિદ્દેશી આખલાઓની/ સમકક્ષ એમ્બ્રોયોની આયાત કરવી

એ અને બી ક્રમિક વીર્ય સ્ટેશન મજબૂત/સક્ષમ બનાવવા

- છેવટના વર્ષના અંતે વાર્ષિક ૧૦૦ મિલિયન વીર્ય ડોઝનું ઉત્પાદ્ન

ઘર આંગણે કૃત્રિમ ડિલિવરીની સેવાઓ, પોસાય તેવા પાયલટ મૉડેલ

- ૩૦૦૦ MAITs દ્વારા વાર્ષિક ૪ મિલિયન પશુઓને કૃત્રિમ વીર્યદાનની સેવા પૂરી પાડવામાં આવશે

રેશન સંતુલિત કાર્યક્રમ

- ૪૦,૦૦૦ ગામોમાં ૨.૭ મિલિયન દૂધાળાં પ્રાણીઓનો સમાવેશ

ઘાસચારા વિકાસ કાર્યક્રમ

- ૭૫૦૦ ટન પ્રમાણિત/પ્રમાણિક લેબલ ધરાવતા ઘાસચારાના બીજનું ઉત્પાદ્ન
- ૧૩૫૦ સંગ્રહિત લીલા ઘાસચારાનું નિર્માણ સંરક્ષણ ઘાસચારા પદ્ધતિનું નિર્દ્શન

ગ્રામ્ય કક્ષાએ દૂધ પ્રાપ્તિ પદ્ધતિને મજબૂત અને વિસ્તરણ કરવી

- ૨૩,૮૦૦ વધારાના ગામોને આવરી લેવામાં આવશે
- નવા ૧.૨ મિલિયન વધારાના દૂધ ઉત્પાદ્કોનો સમાવેશ કરવો

## સુરક્ષિત ખેતીના અંગ તરીકે ગ્રીનહાઉસ ટેકનોલોજીનો વિસ્તાર......




કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર બાગાયત ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ મિશન યોજના હેઠળ 'સુરક્ષિત ખેતી'ના અંગ તરીકે ગ્રીન હાઉસ ટેકનોલોજીને પ્રોત્સાહન આપી રહી છે. લાભાર્થી ખેડૂત દીઠ ૪૦૦૦ ચોરસ ફૂટના વિવિધ પ્રકારના ગ્રીનહાઉસની સ્થાપના માટે ૫૦ ટકા ની હદસુધી સહાય આપવામાં આવે છે.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઈસીએઆર) દ્વારા લીલા અને રંગીન મરચાં, વિદેશી કાકડી, દૂધી, રીંગણ અને ટામેટાં જેવા મહત્વના ઊંચી કિંમતના શાકભાજીના પાકો કે જે સુરક્ષિત માળખામાં ઉત્પાદન કરવા માટે શક્ય છે તેને પ્રચારિત કરવામાં આવી રહી છે, જેમાં ખેતી માટે ઓછા ખર્ચે નેટ અને પોલીઘરો પ્રમાણિત થાય છે. આ સુરક્ષિત માળખાંઓ કે જે અન્ય ઋતુઓમાં ૬૫-૮૦ ટકા ઉપજમાં વધારો કરવામાં મદદરૂપ થાય છે. તેમજ શાકભાજીના ઉત્પાદનની ગુણવત્તા સુધારવા માટે જંતુઓ અને રોગો સામે રક્ષણ પૂરૂ પાડે છે.

## કાપણી સમયે કપાસમાં સારા ભાવો મેળવવા ખેડૂતો વાવેતરમાં ઘટાડો થશે..........



ભારતમાં વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન કપાસનો વાવેતર વિસ્તાર ૧૩૦.૯૩ લાખ હેક્ટર હતો તેની સરખામણીમાં ગત વર્ષે તે ઘટીને ૧૧૭ લાખ હેક્ટર જેટલો થયેલ હતો. આ ઉપરાંત મોડું વાવેતર, નબળો વરસાદ અને પંજાબ અને હરિયાણામાં સફેદ માખીનો ગંભીર ઉપદ્રવ અને ગુજરાતમાં ગુલાબી ઇયળના ઉપદ્રવને લીધે કપાસને ગંભીર નુકસાન થવાથી ઉત્પાદન ઘટીને ૩૦૫ લાખ ગાંસડી થઈ છે. જે અગાઉના વર્ષ ૨૦૧૪-૧૫ માં કપાસનું ઉત્પાદન ૩૪૮ લાખ ગાંસડી જેટલું થયેલ હતુ. આથી કપાસના ભાવો જે નવેમ્બર-૨૦૧૫માં પ્રતિ ક્વિન્ટલ રૂ.૪૩૦૦ હતા તે એપ્રિલ-૨૦૧૬માં વધીને રૂ.૪૮૦૦ થવા પામ્યા હતા. વૈશ્વિક સ્તરે કપાસનું ઉત્પાદન અગાઉના વર્ષ કરતા ૧૬ ટકા ઘટવા પામ્યું હતુ. તેમ છતાં, વૈશ્વિક સ્તરે કપાસના ભાવ સ્થિર રહેલ કારણ કે વર્ષના અંતે કપાસનો જથ્થો માત્ર ૮ ટકા ઘટીને માત્ર ૧૧૯૮ લાખ ગાંસડી વર્ષ ૨૦૧૫-૧૬માં હતો જે ૨૦૧૪-૧૫ દરમિયાન ૧૩૦૭ લાખ ગાંસડી હતો અને હજુ બિન-વપરાશી વિશાળ જથ્થો હોવાથી આગામી સિઝનમાં ભાવ નિયંત્રણ હેઠળ રહેશે.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૫-૧૬માં કપાસનું વાવેતરનો અંદાજીત વિસ્તાર ૨૭.૧૯ લાખ હેક્ટર કરેલ જે અગાઉના વર્ષ જેટલો જ છે અને ઉત્પાદનનો અંદાજ ૯૧ લાખ ગાંસડી હતો. જે વર્ષ ૨૦૧૪-૧૫માં ૯૬ લાખ ગાંસડી જેટલું હતુ. તેથી વર્ષ ૨૦૧૫-૧૬ માં લણણી સમયે કપાસના ભાવ વધારા તરફી રહેલ.

સને ૨૦૧૫-૧૬માં, દેશમાં કપાસની અંદાજીત વપરાશ ૩૦૪ લાખ ગાંસડી થવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૧૫ લાખ ગાંસડી હતો. ભારતમાંથી કપાસની નિકાસ થોડી વધીને વર્ષ ૨૦૧૫-૧૬માં ૭૦ લાખ ગાંસડી થયેલ છે. જેથી કપાસના ભાવ વધારા તરફી વલણ રાખવામાં ટેકો મળેલ. સને ૨૦૧૫-૧૬ના અંતે બિન-વપરાશી કપાસનો જથ્થો અંદાજે ૧૯ લાખ ગાંસડી રહ્યો હતો અને વર્ષ ૨૦૧૪-૧૫ માં આ જથ્થો ૮૦ લાખ ગાંસડી હતો. ભારતમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં સારા ચોમાસાની સંભાવનાને કારણે કપાસનું ઉત્પાદન વધશે, તેમજ ચીન પાસે કપાસનો વિશાળ જથ્થો હોવાથી વૈશ્વિક સ્તરે નિકાસ વધવાની સંભાવના ઓછી છે. તેથી વર્ષ ૨૦૧૬-૧૭માં કાપણી સમયે સારા ભાવ મેળવવા માટે ખેડૂતોએ કપાસના વાવેતરમાં ઓછામાં ઓછો ૧૫ ટકા જેટલો ઘટાડો કરવો જરૂરી છે. સરકારશ્રીએ આ વર્ષ માટે કપાસના લઘુત્તમ ટેકાના ભાવ પ્રતિ ૨૦ કિલો ગ્રામદીઠ (પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૧૬૦) દીઠ રૂ. ૮૩૨ નક્કી કરેલ છે.

કપાસનું કુલ ઉત્પાદન, વર્ષના અંતે બિન-વપરાશી જથ્થો, ભાવનું વલણ તેમજ વેપારીઓના અહેવાલોને ધ્યાનમાં રાખીને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કૃષિ અર્થશાસ્ત્ર વિભાગની સંશોધન ટીમે ગોંડલ માર્કેટ યાર્ડના કપાસના માસિક ભાવના ઐતિહાસિક આંકડાઓનું પૃથ્થકરણ કરેલ છે. જે પૃથ્થકરણ મુજબ એવું અનુમાન છે કે અગામી નવેમ્બર, ૨૦૧૬ થી ફેબ્રુઆરી, ૨૦૧૭ દરમ્યાન કપાસનો ભાવ પ્રતિ મણના રૂ. ૮૬૦ થી ૯૬૦ (રૂ.૪૩૦૦-૪૮૦૦ પ્રતિ ક્વિન્ટલ) જેટલો રહેવાની શકયતા છે. આથી આ ભાવ સપાટી અંગેની નોંધ લઈ ખેડૂતભાઈઓ પોતાની રીતે અનુકૂળતા મુજબ નિર્ણય કરી કપાસનું વાવેતર કરવા સુચન છે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી


મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬



*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864